ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૬/૨૨-૨૩/ 2092
તારીખ : 27 JUN 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી અમિતભાઈ દામજીભાઈ ડોડીયા,**
**ઠે.અમિત ફુલ ઘર, વાસીતળાવ,**
**જે.પી.હાઈસ્કુલના ઢાળ કોર્નર દુકાન,**
**મું.મહુવા,**
**જી. ભાવનગર.**

કેસ નં.૦૬/૨૨-૨૩

**મો.નં – ૯૯૭૯૩૧૦૦૮૮**

**વિષય : ખેતીવાડી નોર્મલ વારાનું વિજ કનેકશન પ્રાયોરીટી મુજબ ન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૪/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૮/૪/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૬/૨૨-૨૩/૧૨૯૪ તા.૨૧/૦૪/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૬/૨૨-૨૩/૧૭૮૯ તા.૦૩/૦૬/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૩/૦૬/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૨, **મહુવા.**

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૬/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી અમિતભાઈ દામજીભાઈ ડોડીયા,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૩/૦૬/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી અમિતભાઈ દામજીભાઈ ડોડીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર,કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા,**
**શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી અમિતભાઈ દામજીભાઈ ડોડીયા, મું.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી નોર્મલ વારાનું વિજ કનેકશન પ્રાયોરીટી મુજબ ન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૬/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૬/૨૨–૨૩/૧૨૯૪ તા.૨૧/૦૪/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>**તા.૧૩/૦૬/૨૦૨૨**</u> ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી અમિતભાઈ દામજીભાઈ ડોડીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર,કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા, તથા શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર,ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકા ના ઓથા મુકામે ભાવનગર હાઈવે રોડ પર ખેતીવાડી જમીન ધરાવે છે.

૧.૨ તેઓએ ખેતીવાડીમાં કુવા માટે વિજ કનેકશન મેળવવા મહુવા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીએ જરૂરી આધાર પુરાવા આપી તા.૫/૪/૨૦૧૮ ના રોજ ૨૩૬ રજીસ્ટ્રેશન નો ચાર્જ ભરેલ. અરજદારના વારાનું વિજ કનેકશન ઓવર ટેઈક કરીને અન્ય ગ્રાહકો ૧૮–૧૯ ની સાલના વિજ કનેકશન આપી દીધેલ છે. ૨૦ ની સાલના કનેકશન આપવાના ચાલુ કરેલ છે.

૧.૩ અરજદારની ખેતીવાડીમાં કોઈ કર્મચારી સર્વે મોજણી કરવા આવેલ નથી. કચેરીએ અવાર નવાર ફરીયાદ કરેલ છે.

Redressal Forum Bhavnagar

૧.૪ અમારી માંગણી તા.૫/૧૦/૨૦૧૮ બાદ કેટલા ખેતીવાડીના વિજ કનેકશન આપેલ છે.

૧.૫ અરજદાર તા.૧૦/૨/૨૦૨૧ ના રોજ કચેરીએ રૂબરૂ ફરીયાદ કરેલ કે, સને–૨૦૧૮–૧૯ ની સાલના વિજ કનેકશન આપવામાં આવેલ છે. ઓવર ટેઈક કરીને અરજદારનું કનેકશન કેમ આપેલ નથી તો, કચેરી તરફથી જણાવેલ કે, અરજદારની વાડીમાં કુવો કે બોર નથી. મેં જણાવેલ કે, મારી ખેતીવાડીમાં બે કુવા છે. તમારો કર્મચારી અમારી ખેતીવાડીમાં સર્વે કરવા આવેલ નથી તો તેઓ દ્વારા જણાવેલ કે, તમારે જો કોઈ વાંધો હોય તો તેની લેખિત અરજી કરી આપો.

૧.૫ અરજદાર દ્વારા તા.૧૦/૨/૨૦૨૧ ના રોજ લેખિત અરજી આપી અને જણાવેલ કે, ટ્રુ કોપીમાં સહી સિકકા, ઈન્વર્ડ નંબર તારીખ લખીને આપો. પરંતુ, તેમને ઈન્કાર કરેલ. ફકત ટ્રુ કોપીમાં સહી કરેલ છે. તેની કોપી જોડેલ છે. હાલ તેને એક વર્ષ કરતા વધુ સમય થયેલ છે. છતાં, સર્વે કરવા આવેલ નથી. કવોટેશન આપતા નથી. નોર્મલ વારા એસપીએ નું વિજ કનેકશન છે.

૧.૬ સ્થાનિક કચેરીમાં તા.૧૨/૪/૨૦૨૨ ના રોજ નાયબ ઈજનેરશ્રી પટેલ સાહેબને મળેલ અને રજૂઆત કરેલ. સ્થાનિક કચેરીમાં કામ નો થવાથી ફોરમને ફરીયાદ કરવાની ફરજ પડેલ છે. તો, આપ સાહેબને અમારૂં નોર્મલ અમારા વારા નું સર્વે કરાવી ખેતીવાડીનું વિજ કનેકશન નું કવોટેશન આપવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર ડોડીયા અમિતભાઈ દામજીભાઈ દ્વારા તા.૫/૧૦/૨૦૧૮ ના રોજ એસ.આર.નં–૧૧૨૫૩૧૭૦ થી એસ.પી.એ.ખેતીવાડી વારામાં નવા કનેકશન માટે વિજ જોડાણ માટે રજીસ્ટ્રેશન ના નાણાં ભરપાઈ કરેલ.

૨.૨ ત્યારબાદ, અરજદાર નો વારો આવતા, સ્થળ સર્વેક્ષણ કરતા સ્થળ પર કુવો કે બોર હયાત ન હતો. જેના અનુસંધાને જાવક નં–એમએચવી/આર–૨/૧૧૧ તા.૬/૧/૨૦૨૦ થી એક નોટીસ મોકલવામાં આવેલ હતી. ત્યારબાદ, અરજદાર દ્વારા ફરી સર્વેક્ષણ કરવા માટે તા.૧૦/૨/૨૦૨૧ ના રોજ અરજી આપેલ હતી. જેના અનુસંધાને સ્થળ પર ફરી સર્વેક્ષણ કરેલ ત્યારે કોઈ સ્થળ પર અરજદાર કે તેના પ્રતિનિધિ હાજર ન હતા.

૨.૩ વધુમાં, સદર સમયગાળા દરમ્યાન મહુવા તાલુકામાં અને ગુજરાતના દરીયા કિનારાના વિસ્તારમાં તોકતે વાવાઝોડું આવેલ જેથી નવા કનેકશન અને તેને લગતા કામો કરતા વાવાઝોડાના લીધે ખોરવાયેલ વિજ પુરવઠા ને પુનઃસ્થાપન કરવાના કામની અગત્યતા હોય, અને તમામ સ્ટાફ અને અન્ય મેન પાવર વિજ પુરવઠો પુનઃ સ્થાપન ના કાર્ય માં રોકાયેલ હોય, સદર અરજદારના નવા વિજ જોડાણની આગળ કોઈ કાર્યવાહી થઈ શકી નહી.

૨.૪ તોકતે વાવાઝોડાને લગતું કામ પૂર્ણ થયા બાદ ફરી સર્વેક્ષણ કરી અરજદારને જાવક નં– ૧૫૦૧ તા.૪/૫/૨૦૨૨ ના રોજ આર.પી.એડી દ્વારા અંદાજપત્ર ફાળવવામાં આવેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૫ સદર અંદાજપત્ર અરજદારને મળ્યા બાદ અરજદાર દ્વારા સદર અંદાજપત્ર ભરપાઈ કરવા માટે ઈન્વર્ડ નં–૨૫૭ તા.૩૦/૫/૨૦૨૨ થી એક મહિનાની મુદત માંગેલ છે. અરજદાર દ્વારા સદર અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલ, અરજદારને અંદાજપત્ર ફાળવી તેમની ફરીયાદનું નિરાકરણ કરેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી ડોડીયા અમિતભાઈ દામજીભાઈ મું.મહુવા દ્વારા તેમના ઓથા ગામ ખાતે નવા ખેતીવાડી વિજ કનેકશન મેળવવા જરૂરી આધાર પુરાવા રજૂ કરી તા.૫/૪/૨૦૨૧૮ ના રોજ રજીસ્ટ્રેશન ચાર્જ ભરી આપ્યા બાદ પણ આજદિન સુધી તેમના કનેકશન માટે પ્રતિવાદીની ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા કોઈ સર્વે અંગેનું કામ ન થવા બાબત તેમજ તેમના પછી અરજદાર ને તેમનો નંબર બાયપાસ કરી વર્ષ ૨૦૧૮–૧૯ ના વિજ કનેકશન આપેલ છે અને ૨૦૨૦ ની સાલના રજીસ્ટર્ડ થયેલ ગ્રાહકોને પણ કનેકશન આપવાનું શરૂ કરી દીધા અંગે સ્ટાફ સામેની ફરીયાદ પણ ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન પ્રતિવાદી દ્વારા જણાવેલ છે કે, વાદીના નવા ખેતીવાડી વિજ કનેકશન અંગે બોર/કુવા હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવા તા.૬/૧૦/૨૦૨૦ ના પત્ર થી નોટીસ મોકલવામાં આવેલ હતી. તેમજ ત્યારબાદ, તા.૧૦/૨/૨૦૨૧ ના રોજ પણ ફરી સર્વે કરવા સમયે સ્થળ પર અરજદાર કે તેમના પ્રતિનિધિ હાજર ન હતા. તદઉપરાંત,મે–૨૦૨૧ માં '' તોકતે '' વાવાઝોડાના કારણે માસ લેવલ ની પુનઃવિજ સ્થાપનની મોટી કાર્યવાહીના લીધે અરજદારના વિજ જોડાણ આપવા અંગેની કાર્યવાહી થઈ શકેલ ન હતી.

હાલ, અરજદારને તેમના દ્વારા વાદીને તા.૪/૫/૨૦૨૨ ના રોજ આરપીએડી પોસ્ટ થી અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે. જે મળ્યેથી, વાદી દ્વારા અંદાજપત્ર ભરવા માટે તા.૩૦/૫/૨૦૨૨ ના રોજ એક માસની મુદત માંગેલ છે. આમ, અંદાજપત્ર ભર્યેથી, આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ છે.

આ તબકકે ફોરમ દ્વારા અરજદાર ની અરજી ની પ્રાયોરીટીને ઓવર લુક કરવા અંગેની ફરીયાદ બાબતે જી.પી. રજીસ્ટર તથા અન્ય રેકર્ડ ખરાઈ કરવા રજૂ કરવા જણાવેલ.જે રજૂ થતા, તેની ચકાસણી કરતા માલૂમ પડેલ છે કે, પ્રતિવાદીની ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા વાદીની અરજી મળ્યા બાદ, તા.૧૦/૨/૨૦૨૧ થી તોકતે વાવાઝોડા સુધીમાં કનેકશન આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૩.૩ પ્રતિવાદીએ જણાવેલ છે કે, તેમના દ્વારા વાદીને તેમના તા.૬/૧/૨૦૨૦ ના પત્રથી બોર/કુવા હયાત હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવા નોટીસ મોકલવામાં આવેલ હતી. પરંતુ, પ્રતિવાદી આ નોટીસ વાદીને મળ્યા અંગેની કોઈ પહોંચ કે આધાર પુરાવા રજૂ કરી શકેલ નથી.

PGVCL Bhavnagar Grievance Redressal Forum

૩.૪ વાદી દ્વારા તા.૧૦/૨/૨૦૨૧ ના રોજ સ્થાનીક ઓફીસે તેમના ખેતરમાં બોર હયાત હોવાની લેખિત જાણ કરેલ હોવા છતાં પણ, પ્રતિવાદી દ્વારા અંદાજપત્ર ઘણું જ મોડું એટલે કે, તા.૪/૫/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. તેમજ તા.૧૦/૨/૨૦૨૧ થી તા.૪/૫/૨૦૨૨ સુધીમાં પ્રતિવાદીના રેકર્ડ મુજબ અન્ય ૧૧૫ અંદાજપત્ર આપવામાં આવેલ છે, તથા ૨૬ અરજદારોને નોટીસ ઇસ્યુ કરેલ છે. આમ, અરજદારની પ્રાયોરીટી મુજબ ભાવપત્રક આપવામાં આવેલ નથી તે સાબિત થાય છે.

૩.૫ આમ, ઉપરોક્ત તારણો તેમજ રજૂ થયેલ રેકર્ડ ને ધ્યાને લેતા, હુકમ કરવામાં આવે છે કે, વાદી દ્વારા અંદાજપત્ર ની રકમ ભરપાઈ થયેથી, પ્રતિવાદીએ તેમને નવા વિજ કનેકશન આપવા માટેની તુરંત કાર્યવાહી કરવી. સવિશેષ વાદીને વિલંબથી મળેલ ભાવપત્રક તેમજ પ્રાયોરીટી ઓવરલુક કરવા માટે જવાબદાર નાયબ ઈજનેરનો ખુલાસો માંગવો તેમજ ઉપરોક્ત બેદરકારી સબબ આગળની કાર્યવાહી કરવી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એ.એ.જાડેજા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum PGVCL Bhavnagar

તારીખ :— **૧૩/૦૬/૨૦૨૨.**